# જાહેર વિજ્ઞાપન

આથી સર્વે સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે, કમિશ્નરશ્રી(આરોગ્ય)ની કચેરી, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (પીએમસીસી હોલ) ખાતે એમ.બી.બી.એસ. તથા સીપીએસ ઉમેદવારોને નિમણુંક આપવા માટે દર મંગળવારે યોજાતા વોક-ઇન ઇન્ટરવ્યુ કોવીડ-૧૯ મહામારીને ધ્યાને લઇને હાલ પુરતા બીજો આદેશ ન થાય ત્યાં સુધી સ્થગિત કરવામાં આવેલ.

પરંતુ હાલમાં કોવિડ-૧૯ ના સંક્રમણની પરિસ્થિતીમાં દર મંગળવારે યોજાતા વોક-ઇન ઇન્ટરવ્યુમાં ઉમેદવારો રૂબરૂ ઉપરસ્થિત રહી શકે તેમ ન હોય, અગિયાર માસ કરાર, તથા બાર માસ સીપીએસ નિમણુંક મેળવવા ઇચ્છુક ઉમેદવારો માટે ઓન-લાઇન ભરતી પ્રક્રિયા તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ વેબસાઇટ hrms.guj.nic.in (ઓન લાઇન પોર્ટલ) ચાલુ થનાર હોઇ, તેના પર ઓનલાઇન અરજી કરવા સબંધિત ઉમેદવારોને જણાવવામાં આવે છે.

વધુમાં કરાર તથા સીપીએસ ઉમેદવારોએ ઓન લાઇન અરજીમાં દર્શાવેલ તમામ આધાર-પુરાવા રજુ કરવાના રહેશે. અધૂરી અરજીઓ ગ્રાહય રાખવામાં આવશે નહી.અને અરજી દફતરે કરવામાં આવશે. યોગ્ય લાયકાત ધરાવતા તથા અરજીમાં જે સુચવ્યા મુજબના આધાર-પુરાવા તમામ રજુ કરેલ તેવા ઉમેદવારોની પસંદગી કરીને તેઓના નિમણુંક આદેશની નકલ સબંધિત ઉમેદવારના ઈમેઈલ પર મોકલી આપવામાં આવશે.

આ ઓનલાઇન અરજીમાં સરકારી મેડીકલ કોલેજના બોન્ડેડ ઉમેદવારો કે જેઓએ બોન્ડની શરતો મુજબ સેવા પુર્ણ કરેલ ન હોય/બોન્ડ ફી નું પ્રમાણપત્ર મેળવેલ ન હોય તેવા બોન્ડેડ ઉમેદવાર અરજી કરી શકશે નહી.

**પૂછપરછ માટે ટેલિફોન નંબર:-**
(સવારે ૧૧-૦૦ થી સાંજના ૫-૦૦)
-કચેરી અધિક્ષકશ્રી, ૦૭૯-૨૩૨-૫૩૨૭૩-૭૪,

(ડો.નવનાથ ગવ્હાણે,IAS)
ચીફ પર્સોનલ ઓફીસર,
આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી
શિક્ષણ(આરોગ્ય વિભાગ) ગાંધીનગર

Scanned with CamScanner